### નડિયાદનાં સુપ્રસિધ્ધ સંતરામ મંદિર દ્વારા

# અમેરિકામાં ચોથી જુલાઈના રોજ સંતરામ સત્સંગનું આયોજન

નડીયાદ

શ્રી સંતરામ ભકત સમાજ યુએસએ દ્વારા જુલાઈ ૪, ૨૦૦૪ ને રવિવારના રોજ ન્યુજર્સીના યુક્રેનિયન સેન્ટરનાં હોલમાં ગુરુપુર્ણિમાં નિમિતે સંતરામ સત્સંગની ઉજવણી કરવામાં આવનાર છે. નડીયાદનાં સુપ્રસિધ્ધ શ્રી સંતરામ મંદિરના મહંત શ્રી નારાયણદાસજી મહારાજશ્રીનાં શુભાર્ષિવાદ સાથે જુલાઈ ૩, ૧૯૯૩ (બરાબર અગિયાર વર્ષ) ના રોજ સૌ પ્રથમ સત્સંગની શરુઆત અમેરિકાની ધરતી ઉપર માત્ર ૮૫ જેટલા ભકતો દ્વારા ન્યુજર્સીમાં થઈ હતી.

### ગુરૂપૂર્ણિમાએ અગિયારમાં વાર્ષિકોત્સવમાં સમુહ સ્તવન અને ભજન સંધ્યાનો કાર્યક્રમ થશે

હાલમાં બે હજારથી વધુ ભકતો સત્સંગમાં પધારી શ્રી સંતરામ મહારાજની કૃપા પ્રાપ્ત કરી રહયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુપૂર્ણિમા અગિયારમાં વાર્ષીકોત્સવ નિમિતે જુલાઈ ૪, ૨૦૦૪ રવિવારના રોજ બપોરના ૧૨ : ૧૫ કલાકે નડીયાદથી ટેલીફોન દ્વારા પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજનાં સ્વર સાનિધ્યમાં સંતરામ સ્ત્રોત અને શ્રી વિષ્ણુ સહસ્ત્ર સ્ત્રોતનું મંગલાચરણ દ્વારા સમૂહ સ્તવન કરવામાં આવશે. ત્યારબાદ અમદાવાદનાં રાજ અને સ્મૃતી પંડયાના પરિવાર દ્વારા સંગીતમય ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

સંતરામ ભકત સમાજ દ્વારા ભકિત સત્સંગની સાથે સાથે નડીયાદ સંતરામ મંદિરની પ્રણાલિ અનુસાર માનવતાવાદી અને જનસેવાને પ્રભુ સેવા ગણીને લોકોપયોગી સેવા પ્રવૃતિને પ્રાધાન્ય આપવામાં આવે છે. દર સત્સંગની સાથે અવાર નવાર મફત નેત્ર ચકાસણી, મેડીકલ કેમ્પ, બ્લડ ચકાસણી, દંત ચકાસણી, ફલુ પ્રતિકારક રસી માટેનાં કેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩ મફત કાયદાકીય સલાહ શિબિરનાં આયોજનમાં ૧૮૮ જેટલી વ્યકિતઓએ સેવાનો લાભ લીધેલ છે. ૧૪ મેડીકલ કેમ્પોમાં ૧૯૭૩ વ્યકિઓએ ૧૧ મફત નેત્ર કેમ્પોમાં ૬૧૦ વ્યકિતઓએ, ૧૪ મફત દંત ચકાસણી કેમ્પોમાં ૫૭૭ વ્યકિતઓએ, ૭ ફલુ પ્રતિકાર રસી કેમ્પોમાં ૨૦૦૨ વ્યકિતઓએ સેવાનો લાભ વિના મૂલ્યે લીધેલ છે. આમ ઉપરોકત માનવતાવાદી સેવાનો લાભ કોઈ પણ પ્રકારનાં ભેદભાવ, રંગભેદ, નાતજાતના ભેદભાવ વગર લઈ શકાય છે. આ સંસ્થાની આંખે ઉડીને ગમી જાય તેવી વિશેષતા, લાક્ષણિકતા મુખ્ય આકર્ષણ બની રહે છે. નડીયાદથી પુ. મહારાજ શ્રીની અજ્ઞાનુસાર મંદિર અથવા સમાજનાં નામે કોઈ પણ પ્રકારનો ફંડ ફાળો, ઉઘરાણું ભેગું કરવામાં આવતું નથી. તથા અત્રે અમેરિકામાં બેંક એકાઉન્ટ પણ ખોલાવવામાં આવેલ નથી. સત્સંગના ભાવે, સંગઠિત થઈ સ્નેહભાવથી એક બીજાનાં પરિચય કેળવી, આધ્યાત્મિક વાતાવરણ પરદેશની ધરતી ઉપર ઉભું કરીને સત્સંગના માધ્યમ દ્વારા ઉજવણી કરવાનો ધ્યેય માત્ર બની રહે છે. સંતરામ ભકત સમાજની પ્રવૃતિઓ તથા વધુ માહિતી માટે સંતરામની વેબસાઈટ્.જયહાચિસ.િયિ ઉપરથી મેળવી શકાય છે. સંતરામ ભકત સમાજ દ્વારા પ્રકાશિત પુસ્તકો, તથા કેસેટો, સી.ડી. વિગેરેની માહિતી પણ વેબસાઈટ ઉપરથી મેળવી શકાય છે.

Copyright © Gujarat Samachar